# EDII કેમ્પસમાં 'બુસ્ટ યોર બિઝનેસ' અંતર્ગત 700 આંત્રપ્રિન્યોરને તાલિમ

## FBના પ્રોજેક્ટ અંતર્ગત ઓનલાઈન માર્કેટિંગ, આયોજન, પ્રમોશન સહિતના મુદ્દાઓની તાલિમ

Boost your Buss.

સિટી રિપોર્ટર | અમદાવાદ

ગુજરાતમાં ચાલતા લઘુઉદ્યોગો અને ફ્રેશર્સ આંત્રપ્રિન્યોરના બિઝનેસને પ્રમોટ કરવા માટે ફેસબુક દ્વારા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) સાથે મળીને ગુજરાતના ઉદ્યોગ સાહસિકો માટે ટ્રેનિંગ પ્રોગ્રામ 'બુસ્ટ યોર બિઝનેસ' થોડા સમય પહેલા શરૂ કરાયો હતો. આ પ્રોગ્રામ અંતગર્ત આંત્રપ્રિન્યોરને 'બુસ્ટ યોર બિઝનેસ' પ્રોગ્રામની મદદથી કઈ રીતે બિઝનેસને ઓનલાઈન પ્લેટફોર્મ પુરૂ પાડીને ગ્રોથ કરી શકાય તેની તાલિમ આપવામાં આવી હતી. ઈડીઆઈઆઈ ખાતે યોજાયેલા 9માં તાલિમ પ્રોગ્રામમાં કુલ 700 આંત્રપ્રિન્યોરને તાલિમ આપવામાં આવી હતી. ટ્રેનિંગ પ્રોગ્રામમાં ગુજરાતના 150 ઉદ્યોગ સાહસિકો દ્વારા રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું.

### ક્યા પ્રકારની તાલિમ અપાઈ

- ઓનલાઈન માર્કેટિંગ
- ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ
- અસરકારક આયોજન
- મીડિયા પર માર્કેટિંગ
- પ્રમોશન સ્ટ્રેટેજી
- પ્રમોશનલ ટુલનો ઉપયોગ
- ઓનલાઈન ટ્રાફિક આકર્ષવા જેવા મુદ્દા
- ઈકોનોમિક માર્કેટિંગ/ પ્રમોશનલ